**DATE: 12/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ઝઘડિયાના શખ્સોના 3.20 લાખ ચાંઉ કરી ગયો હતો

# સોલર સિસ્ટમના બહાને ઠગનાર સુરતથી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ઝઘડિયાની વાલિયા ચોકડી પાસે રહેતાં પરેશ વિઠ્ઠલ પ્રજાપતિએ વર્ષ 2020માં સોશિયલ મિડિયા પર અથર્વ ગ્રુપ નામની સાઇડ ઓપન કરી હતી. જેમાં સોલાર સિસ્ટમ લગાવવા બાબતની જાહેરાત થઇ રહી હતી. તેમણે ફોન કરતાં ભરત પટેલ નામના શખ્સ તેમના સંપર્કમાં આવ્યાં હતાં. જે બાદ કંપનીના જ અન્ય કર્મીઓ રાકેશ સુરેશ પટેલ અને બાદમાં ધર્મીન રમેશ ડોભરીયા પણ તેમના સંપર્કમાં આવ્યાં હતાં. ધર્મીને પોતાની ઓળખ અર્થવ ગ્રુપના પ્રોપરાઈટર અને રાકેશ પટેલે મેકેનિક ડિપાર્ટમેન્ટના કર્મી તરીકે પરીચય આપ્યો હતો. તમામે તેમને વાતોમાં ભોળવી ચેક મારફતે 23 હજાર તેમજ અન્ય લોકો પાસેથી 2.97 લાખથ વધુની રકમ મળી કુલ 3.20 લાખ રૂપિયા લીધાં બાદ સોલર સિસ્ટમ નહીં લગાવી ઠગાઇ કરી હતી. ઝઘડિયા પોલીસ મથકે 2021માં એપ્રિલમાં તેમણે ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓ વોન્ટેડ જાહેર કરાયાં હતાં.

દરમિયાનમાં ભરૂચ એલસીબીના પીએસઆઇ એમ.એમ. રાઠોડને બાતમી મળી હતી કે, ધમીન ઉર્ફે ધર્મેશ રમેશ ડોબરિયા હાલમાં સુરતના સારોલી વિસ્તારમાં આવેલી શ્રેયા હાઇટ્સ ખાતે રહે છે. જેના પગલે ટીમે સુરતથી તેની ધરપકડ કરી તેને ઝઘડિયા પોલીસને સોપતા પુછપરછ હાથ ધરવામાં આવી છે.

**DATE: 12/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## નેત્રંગના ચંદ્રવાણ ગામે પોલીસે રેડ પાડી

# આંકડાનો જુગાર રમાડતાં બે ઝબ્બે, 3 વોન્ટેડ જાહેર

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

નેત્રંગ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, ચંદ્રવાણ ગામના બસ સ્ટેન્ડ પાસે આંકડાનો જુગાર રમાય છે. જેના પગલે ટીમે દરોડો પાડી મનિષ નારણ વસાવા તેમજ જ્યેશ ચંદુ વસાવાને ઝડપી પાડ્યાં હતાં. જ્યારે જ્યારે ઉમેજ પરષોત્તમ વસાવા તથ રામદાસ છગન વસાવા પોલીસને ચકમો આપી નાસી છુટ્યાં હતાં. ટીમે તેમની પાસેથી આંકડાના રોકડા રૂપિયા 20 હજાર , 2 મોબાઈલ તેમજ એક બાઈક મળી કુલ 48 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસની પ્રાથમીક પુછપરછમાં તેમણે કબુલ્યું હતું કે, તઓ ચંદ્રવાણ ગામના જ રવિન્દ્ર ઉર્ફે ગોલ્ટો જશવંત વસાવા માટે આંકડો લખે છે. રવિન્દ્ર અલગ અલગ ગામડાઓમાં માણસો રાખી આંકડાનો જુગાર ચલાવે છે. જેના પગલે ટીમે ભાગી ગયેલાં બે તેમજ રવિન્દ્રને વોન્ટેડ જાહેર કરી તમામ વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 12/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાં દારૂના કેસમાં ફરાર બુટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા દારૂના કેસમાં છેલ્લા 10 મહિના થી વોન્ટેડ બુટલેગરને એલસીબીએ વાલિયાના જોકલા ગામેથી ઝડપી પાડયો છે.ભરૂચ એસપી લીના પાટીલે વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા તમામ પોલીસ સ્ટેશનોમાં સુચના આપી છે. જે સંદર્ભમાં એલસીબી પીઆઈ ઉત્સવ બારોટના માર્ગદર્શન હેઠળ એલસીબીની ટીમે કવાયત હાથ ધરી હતી. દરમિયાન અંકલેશ્વર તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલાં દારૂના કેસનો આરોપી જોકલા ગામમાં હોવાની બાતમી મળતાં દરોડા પાડવામાં આવ્યાં હતાં. દરોડામાં ગુડી ફળિયામાંથી જયેશ વસાવાને ઝડપી લેવામાં સફળતા મળી હતી. આરોપી છેલ્લા 10 મહિનાથી નાસતો ફરતો હતો.

DATE: 12/12/2022 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–01

# અંકલેશ્વરમાંથી ચોરીની બાઈક સાથે યુવાન ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના નવા બોરભાઠા રોડ ઉપર શહેર પોલીસે ચોરી ની બાઈક સાથે એક શખ્સ ને ઝડપી પાડી રૂપિયા 20 હજાર બાઈક જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે. શહેર પોલીસનો સ્ટાફ પેટ્રોલીંગ હતો તે દરમિયાન એક શખ્સ નંબર પ્લેટ વગરની બાઈક લઈને આવતા તેને રોકી પૂછપરછ કરતા તે મૂળ પંચમહાલ જિલ્લા નો અને હાલ અંકલેશ્વર ના ઓમકાર કોમ્પ્લેક્સ માં આવેલ હોટલ માં રહેતો મહેશ વણકર હોવાનું જણાવ્યું હતું. બાઈક કબ્જે કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે .

DATE: 12/12/2022 CATEGORY: GREEN
E-PAPER DIVYABHASKAR PAGE–04

### પોલીસે 6 ગ્રાહકોની શોધખોળ શરૂ કરી

# અંકલેશ્વરમાં વોટસએપ પર જુગાર રમાડતાં બે ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર ની મુક્તિધામ સોસાયટી માં એક મકાન માંથી મોબાઈલ માં એપ્લિકેશન મારફતે આંકડા નો જુગાર રમાડતા બે શખ્સોને શહેર પોલીસે ઝડપી પાડી કુલ 53 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે વોટ્સએપ ગૃપમાં રહેલા અન્ય 6 મોબાઈલ ધારકો ને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા હતા.

અંકલેશ્વર શહેર પોલીસ ના સ્ટાફ ને પેટ્રોલિંગ દરમિયાન ભરૂચ જિલ્લાના આમોદ ના પ્રિતેશ દિપક ઠક્કર અને અંકલેશ્વરની મુક્તિધામ સોસાયટીમાં રહેતો હિતેશ ભુપેન્દ્ર પટેલ બંને જણા સોસાયટીમાં એક ભાડાના મકાનમાં મોબાઈલ ફોન મારફતે વોટ્સએપ એપ્લિકેશન દ્વારા એક બીજા ને આપ લે કરી આંકડા નો જુગાર રમાડી રહ્યા હોવાની બાતમી મળી હતી. પોલીસે દરોડો પાડી બંનેને ઝડપી પાડયાં હતાં.પોલીસે તેઓ પાસેથી રોકડા રૂપિયા 10 હજાર અને 43 હજાર બે નંગ મોબાઈલ મળી કુલ રૂપિયા 53 હજારનો મુદ્દામાલ જપ્ત કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે વોટ્સએપમાં સંપર્ક માં રહેલા અન્ય 6 મોબાઈલ ધારકો ને પણ વોન્ટેડ જાહેર કરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા. ભરૂચ શહેર તથા જિલ્લામાંથી દારૂ તથા જુગારની બદી નાબુદ થાય તે માટે એસપી ડો લીના પાટીલના માર્ગદર્શન હેઠળ પોલીસ સઘન કાર્યવાહી કરી રહી છે. જુગારીયાઓ સામે ભીંસ વધી રહી હોવાથી તેઓ અવનવા કિમિયાઓ અજમાવી રહયાં છે. પણ પોલીસ પણ સર્તક છે.

**DATE: 13/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–06**

# ભરૂચમાં ગૌમાંસ વેચતા બે ઈસમ ઝડપાયા

ભરૂચ: ભરૂચની ભઠિયારવાડ કુંજરીગલી ખાતે ગાયનું કતલ કરી ગૌમાંસ વેચતા બે ઈસમને ભરૂચ બી-ડિવિઝન પોલીસના હાથે આબાદ ઝડપાઈ ગયા હતા.

ભરૂચ બી-ડિવિઝન પોલીસકર્મી જોધુભાઈ લક્ષ્મણભાઈ બારૈયાને બાતમી મળી હતી કે, ભરૂચના ભઠિયારવાડ કુંજરીગલીમાં બે ઈસમ ગાયની કતલ કરી રહ્યા છે. જે બાતમીના આધારે PSI આર.જી.પટેલ સહિત ટીમે રેડ કરી જુનેદ કાલુ કુરેશી (ઉ.વ.૩૧) અને ઇલ્યાસ મજીદ કુરેશી (ઉ.વ.૨૭) (બંને રહે.,ભઠિયારવાડ, ભરૂચ)એ કાળા અને સફેદ કલરના શિંગડાવળી ગાય હોવાનું માલૂમ પડતાં અને બે પગ કાપી નાંખીને દીવાલ પાસે મૂક્યા હતા. હાથમાં ચપ્પુ અને છરીને ધાર કાઢવા માટેનો લોખંડનો સળિયો પડેલો હતો.તે મજ કતલ કરેલું ગૌમાંસ રૂ.૩૦૦ મત્તાનો મુદ્દામાલ કબજે કર્યો હતો. ભરૂચ બી ડિવિઝનમાં પશુ ઘાતકીપણા અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

**DATE: 13/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–06**

# ભરૂચના મદુલી સર્કલની શાશ્વત સોસાયટી પાસેથી દારૂ ઝડપાયો

ભરૂચ: ભરૂચ એ-ડિવિઝન પોલીસમથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. એ દરમિયાન બાતમી મળી હતી કે બાઈક નં.(જીજે-૧૨-સીઆર-૯૦૯૩) ઉપર એક ઈસમ મદુલી સર્કલ ખાતે આવેલ શાશ્વત સોસાયટી સામે વિદેશી દારૂનો જથ્થો આપવા આવનાર છે. જે બાતમીના આધારે એ-ડિવિઝન પોલીસે વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમીવાળો ઇસમ આવતાં પોલીસે તેને અટકાવી તેની પાસે રહેલી બેગમાં તપાસ કરતાં તેમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે તેને વિદેશી દારૂ જથ્થા અંગે પૂછપરછ કરતાં જથ્થો દહેજ બાયપાસ ઉપર શેરપુરા ગામના અલનૂર ફ્લેટમાં રહેતો તેનો પાર્ટનર પાસેથી લાવ્યો હોવાનું કહેતા પોલીસે અલનૂર ફ્લેટમાં તપાસ કરતાં ત્યાં રહેલ કાર નં.(જીજે-૧૬-એ પી-૦૪૪૧)માં તપાસ કરતાં તેમાંથી વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૮૭ નંગ બોટલ કબજે કરી હતી અને ૫૩ હજારનો દારૂ અને બાઈક તેમજ કાર મળી કુલ ૨.૫૮ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો, અને મૂળ મહારાષ્ટ્ર અને હાલ અલનૂર ફ્લેટમાં રહેતા યોગેશ શિવાજી કાંકળીજને ઝડપી પાડ્યો હતો. જ્યારે અન્ય બુટલેગરને વોન્ટેડ કરી કરી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 14/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## વિલાયતમાં કર્મીઓએ જ ચોરીને અંજામ આપ્યો હતો

# બિરલા ગ્રાસિમ કંપનીમાંથી 20 લાખના વાલ્વ ચોરનારા ઝડપાયાં

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાના વાગરા ખાતે આવેલી બિરલા ગ્રાસીમ કંપનીમાં 20 લાખ રૂપિયાના મુદ્દામાલની ચોરીમાં કંપનીના જ કર્મચારીઓની સંડોવણી બહાર આવતાં પોલીસે બંને આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

વાગરા તાલુકાની વિલાયત જી.આઈ.ડી.સી.માં આવેલ બિરલા ગ્રાસીમ કંપનીના કેમિકલ ડિવિઝન કંપની આવેલ છે કંપનીએ તેમના સ્ટોકનો હિસાબ ચેક કરતાં તેમાંથી સામાની કમી હોવાનું સ્પષ્ટ જણાઇ આવ્યું હતું. જેના પગલે કંપનીએ સીસીટીવી ફુટેજ તપાસતાં19 સપ્ટેમ્બરથી 16 સપ્ટેમ્બર દરમિયાન કંપનીના જ સ્ટોર ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવતાં રાહુલ સતિષ શુકલા તેમજ કોન્ટ્રાક્ટમાં કામ કરતાં મન્નાન મહમદ નિઝામુદ્દીન રિઝવીએ સ્ટોર ડીપાર્ટમેન્ટમાં પ્રવેશ કરી અંદર મુકવામાં આવેલ મટીરીયલ પૈકી 20 પેટી બ્રાસના વાલ્વની ચોરી કરી હતી.દર મહિનાના પહેલા સપ્તાહમાં સ્ટોકની ગણતરી કરતા બ્રાસ વાલ્વની 28 પેટી અને 30 વાલ્વ મળી કુલ 1430 વાલ્વ ચોરી કરતાં હોવાનું માલુમ પડ્યું હતું. બન્ને આરોપીઓએ અન્ય બે શખ્સો સાથે મળી ઈકો તથા લાલ કલરની સ્વીફ્ટ કારમાં તબક્કાવાર રીતે કુલ રૂપિયા 20 લાખ ઉપરાંતના વાલ્વની ચોરી કરી ગયા હતા. વાગરા પોલીસ મથકે કંપનીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર નાગેશ સિંધે ફરિયાદ નોંધાવતા પોલીસે ચાર આરોપી સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. જેમાં પોલીસે ગણતરીના સમયમાં જ મુખ્ય સુત્રધાર રાહુલ સતિષ શુક્લા તેમજ મન્નાન રિઝવીને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી અને બંનેની પૂછપરછ ચાલુ છે.

**DATE: 15/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### બાઇકને આંતરી 17 હજાર રૂપિયાની લૂંટ થવાના પ્રકરણમાં પોલીસને સફળતા

# ઝઘડિયામાં વેપારીને લૂંટી લેનારો લૂંટારૂ ઝબ્બે : 2 ફરાર

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા



અંકલેશ્વરની ક્રિષ્ના નગર સોસાયટીમાં રહેતા મણિગદન મુઠુંનાઓ અંદાડા, માંડવા, ગોવાલી ઝઘડિયા, અવિધા, ભાલોદ, રાજપારડી હપ્તેથી તેમજ ઉધાર વાસણો વેચવાનો વેપાર ધંધો કરે છે. ગત રોજ તેઓ તેમની બાઈક લઈને ઝઘડિયા કોર્ટ ખાતે તેના વકીલને મળવા આશરે 11.30 વાગ્યાના અરસામાં જતો હતો. તે દરમિયાન ઝઘડિયા કોર્ટ નજીકના રેવા એગ્રો પાસે અન્ય બાઈક પર આવેલાં ત્રણ યુવાનોએ તેની બાઈકને રોકી હતી. ત્રણેય યુવાનોએ પૈસાની માગણી કરતાં વેપારી બાઈક મુકીને ભાગવા લાગ્યો હતો. ભાગતી વેળા વેપારી ખેતરમાં પડી ગયો હતો. એક લૂંટારૂએ કમરમાંથી બેલ્ટ કાઢીને મણીગદનને માર મારી તેની પાસે રહેલાં 12 હજાર રૂપિયા રોકડા તથા મોબાઈલ ખૂંચવી લીધો હતો. બાદમાં ત્રણેય યુવાનો બાઈક લઈને ફરાર થઈ ગયાં હતાં.

ભરૂચ એલસીબી પીઆઈ ઉત્સવ બારોટ તથા તેમની ટીમે ગુનામાં સંડોવાયેલાં અને વાલિયાના ચમાડીયા ગામે રહેતાં વિજય વસાવાને ઝડપી પાડયો છે જ્યારે ભમાડીયાના વિકેશ વસાવા અને દિલીપ વસાવાને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

**DATE: 15/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### 19થી વધારે બુટલેગરોની ધરપકડ કરાઇ

# અંકલેશ્વરના 6 ગામોમાં દારૂની ભટ્ટીઓનો નાશ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસે પ્રોહીબીશન ડ્રાઈવ અંતર્ગત 6 ગામ માં 28 થી વધુ દારૂના અડ્ડા પર દરોડા પાડયાં હતાં. આ કાર્યવાહી દરમિયાન 19 થી વધુ બુટલેગરોને ઝડપી પાડયા હતા.

જિલ્લા પોલીસ વડા લીના પાટીલ અને ડી.વાય.એસ.પી ચિરાગ દેસાઈ ના માર્ગદર્શન હેઠળ વિવિધ પોલીસ મથક વિસ્તારમાં પ્રોહીબીશન ડ્રાઈવ યોજવામાં આવી હતી. ભરૂચ જિલ્લા માં દેશી દારૂ માટે દમણ ગણાતા અમરતપુરા સહીત ગડખોલ , જુના કાસીયા ,અંદાડા, છાપરા, નવા કાસીયા ગામમાં દેશી દારૂની ભઠ્ઠી ઉપર દરોડા પાડી કુલ 25 થી વધુ લોકો ઉપર કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસે આ ગામો માં દરોડા દરમિયાન દેશી દારૂ ની 10 થી વધુ ભઠ્ઠી તોડી પાડી હતી. તેમજ દારૂ બનાવવા માં વપરાતા દારૂ ના વોસ 17,500 લીટર કિંમત રૂપિયા 35.000 તેમજ જ્યારે 150 લીટર દેશી દારૂ કિંમત રૂપિયા 3000 તેમજ દારૂ બનાવવા ના સાધનો મળી અંદાજે 38,300 ઉપરાંતનો મુદામાલ જપ્ત કર્યો હતો. પોલીસે 19 થી વધુ મહિલાઓ સહીત બુટલેગરની ધરપકડ કરી હતી.

### એક વર્ષ પહેલાં પણ આ તબીબ ઝડપાયો હતો

# નેત્રંગમાંથી ઝોલાછાપ તબીબને ઝડપતી પોલીસ

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

નેત્રંગના માંડવી રોડ પર આવેલા ગની કોમ્પ્લેક્ષમાં એક બોગસ તબીબ લોકોની સારવાર કરી રહ્યાં હોવાની બાતમીના આધારે ભરૂચ એસઓજીએ રેડ પાડી હતી.ટીમે બોગસ તબીબને ઝડપી પાડી દવાઓ સહિતના 8 હજારના મુદામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. નોંધનિય બાબત એ છે કે એક વર્ષ પહેલાં પણ આ જ ઝોલાછાપ તબીબ સામે પોલીસે કાર્યવાહી કરી હોવા છતાં તેણે પુનઃ પોતાનો ગોરખધંધો ચાલુ રાખ્યો હતો.

મૂળ પ.બંગાળના અને હાલ નેત્રંગ ગામના જવાહર બજારમાં રહેતા પિયુષ વિનોદ સરકાર ડોક્ટરની ડિગ્રી કે સર્ટીફિકેટ વિના ગામના ચાર રસ્તાથી માંડવી રોડ ઉપર આવેલ ગની કોમ્પ્લેક્ષમાંથી દુકાન ભાડે રાખી ક્લિનિક ચલાવે છે જેવી બાતમીના આધારે ભરૂચ એસઓજીએ તેની ક્લિનિક ખાતે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પર હાજર તબીબની અટકાયત કરી હતી તે મેડિકલ ડિગ્રી કે ગુજરાત સરકારની માન્ય સર્ટિફિકેટ અને એલોપેથિક દવા આપવાનું સર્ટિ અને મેડિકલ વિના ડોકટર તરીકે બીમાર લોકોની સારવાર કરી એલોપેથિક દવા,ઈન્જેકશન આપી લોકોના સ્વાસ્થય સાથે ચેડાં કરતો હતો.

**DATE: 16/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**



# જંબુસરમાં બાર વર્ષથી ગુમ મહિલાનું પરિવાર સાથે સુખદ મિલન

જંબુસર: 12 વર્ષ પહેલાં જંબુસર તાલુકાના કાવી હલાઈ ફળિયાનાં પારૂલબહેન અરવિંદભાઈ સોલંકી રહસ્યમયી સંજોગોમાં ગુમ થયાં હતાં. જે બાબતે કાવી પોલીસ મથકે તા.4/7/2010ના રોજ જાણવા જોગ ગુનો નોંધાયો હતો. જેને કાવી પોલીસે છેલ્લાં 12 વર્ષથી ગુમ બહેનને જિલ્લા પોલીસ અધિક્ષક તરફથી મિસિંગ ડ્રાઈવ ઝુંબેશ રાખવામાં આવી હતી. ગુમ થનાર બહેનને રાજકોટના ધોરાજીના મોટી મારણ ગામ ખાતેથી શોધી કાઢી તેમના પરિવાર સાથે કાવી પોલીસે સુખદ મિલન કરાવ્યું હતું.

**DATE: 16/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER GUJARATMITRA PAGE–04**

# અંકલેશ્વર GIDCમાંથી મિથેનોલ ભરેલા શંકાસ્પદ ટેન્કર સાથે ચાલક ઝડપાયો

**ભરૂચ એલસીબી પોલીસે કેમિકલનો જથ્થો તેમજ ટેન્કર મળી કુલ રૂ.૧૪.૩૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો**



પ્રવીણ તેરૈયા

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઇડીસીની એશિયન પેઇન્ટ્સ ચોકડી પાસેથી ભરૂચ એલસીબી પોલીસની ટીમે મિથેનોલ ભરેલું શંકાસ્પદ ટેન્કર ઝડપી લીધું હતું, અને ચાલકની અટકાયત કરીને કુલ રૂપિયા ૧૪.૩૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર અંકલેશ્વર જીઆઇડીસીમાં ભરૂચ એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી. એ દરમિયાન એશિયન પેઇન્ટ્સ ચોકડી પાસે કેમિકલ ભરેલું ટેન્કર શંકાસ્પદ રીતે ઊભું હોવાની બાતમી મળી હતી. જેના આધારે એલસીબી પોલીસે તપાસ કરતાં ટેન્કરમાં મિથેનોલ કેમિકલનો જથ્થો ભરેલો હોવાનું માલૂમ પડ્યું હતું, અને આ ટેન્કર કોઈક કંપનીમાં ખાલી કરવા માટે લઇ જવાનું હોવાનું પણ પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું.

એલસીબી પોલીસે ટેન્કરચાલક સુરજીતસિંગ રબેલસિંગ (રહે., વાય.એલ. ટ્રાન્સપોર્ટ, કલમબોલી, મુંબઈ) પાસે ટેન્કરમાં ભરેલા મિથેનોલ કેમિકલ અંગેના જરૂરી દસ્તાવેજી પુરાવા માંગ્યા હતા.

જે ટેન્કરચાલક રજૂ કરી શક્યો નહોતો, તેથી પોલીસે ટેન્કરચાલકની અટકાયત કરી ૨૪,૦૦૦ લીટર મિથેનોલ કિંમત રૂ.૪.૩૨ લાખ તેમજ ટેન્કર કિંમત રૂ.૧૦ લાખ તથા એક મોબાઇલ ફોન કિંમત રૂ.૫ હજાર મળી કુલ રૂ.૧૪.૩૭ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ અંગે અંકલેશ્વર જીઆઇડીસી પોલીસમથકમાં ફરિયાદ નોંધવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, આ ટેન્કરમાં દસ્તાવેજી પુરાવા વગર મિથેનોલનો જથ્થો ક્યાંથી ભરીને કઇ કંપનીમાં પહોંચાડવાનું હતું, તે અંગેની તપાસ પણ પોલીસે શરૂ કરી હતી.

**DATE: 16/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પોલીસે મુખ્ય સુત્રધારને વોન્ટેડ જાહેર કર્યો

# ભરૂચમાં દારૂની ખેપ મારતો ખેપીયો ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ શહેરના નર્મદા એપાર્ટમેન્ટથી સંકટ મોચન હનુમાન મંદિર તરફ જવાના રોડ પરથી પોલીસે કોલેજ બેગમાં વિદેશીદારૂની ખેપ મારતાં બુટલેગરને ઝડપી પાડ્યો હતો. પુછપરછમાં તે નર્મદા એપાર્ટમેન્ટમાં રહેતાં મુખ્ય સુત્રધાર પાસેથી દારૂ લાવ્યો હોવાનું જણાવતાં ટીમે તેને વોન્ટેડ જાહેર કરી બન્ને વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ એ ડિવિઝન પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, સફેદ-કાળા કલરનો શર્ટ પહેરલ એક શખ્સ કોલેજ બેગમાં વિદેશીદારૂની ખેપ મારી નર્મદા એપાર્ટમેન્ટ તરફથી સંકટમોચન હનુમાન મંદીર પાસે વેચાણ કરવાના ઈરાજે જનાર છે. જેના પગલે ટીમે સ્થળ પર વોચ ગોઠવી તેને ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક પુછપરછમાં તેનું નામ કેયુર શૈલેષ કાયસ્થ (રહે. નર્મદા એપાર્ટમેન્ટ ) હોવાનું માલુમ પડ્યું હતું. તેની પાસેની બેગમાં તપાસ કરતાં અલગ અલગ બ્રાન્ડની કુલ ચાર બોટલો મળી આવી હતી. દારૂ ક્યાંથી લાવ્યો તે બાબતે પુછપરછ કરતાં તેણે જણાવ્યું હતું કે, નર્મદા એપાર્ટમેન્ટમાં જ રહેતા કૃણાલ મહેશ રાણા પાસેથી તે વેચાણના ઈરાદે લાવ્યો હતો. જેના પગલે ટીમે કૃણાલ રાણાને વોન્ટેડ જાહેર કરી બન્ને વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 16/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

# અંકલેશ્વરમાં 6 હજારના દારૂ સાથે બુટલેગર ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની બબલુ ચોકડી પાસે આવેલી ગિરિરાજ હોટલની બાજુમાં એક ઈસમ દારૂની બોટલોનું વિતરણ કરે છે.પોલીસે મળેલી માહિતીના આધારે પોલીસે દરોડો પાડયો હતો. જેમાં ભડકોદ્રાની નંદનવન સોસાયટીમાં રહેતાં રવીકુમાર કૈલાસનાથ સિન્હાને દારૂની બોટલ નંગ 15 કિંમત રૂ.6,000 સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી કોની પાસેથી દારૂનો જથ્થો લાવ્યો હતો અને કોને આપવાનો હતો તેની તપાસ શરૂ કરવામાં આવી છે.પોલીસની ધોંચ વધી રહી હોવાના કારણે બુટલેગરો અવનવા કિમિયાઓ અજમાવી રહયાં છે. બુટલેગરો ગ્રાહકોને દારૂની હોમ ડીલીવરી આપતા હોવાથી પોલીસ હવે વિવિધ સ્થળોએ વોચ ગોઠવી છે.

**DATE: 17/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ઝઘડિયાના ઉમલ્લા પો.સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો

# ખંડણી કેસ માં 3 વર્ષથી વોન્ટેડ આરોપી ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ઝઘડિયાના ઉમલ્લા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણ અને ખંડણીના ગુનામાં છેલ્લા 3 વર્ષથી નાસતા ફરતાં આરોપીને ભરૂચ એલસીબીએ ઝડપી પાડ્યો છે.

ભરૂચ જીલ્લા એલસીબીની ટીમે ઉમલ્લા પોલીસ મથકમાં નંધાયેલ ગુના હેઠળ 3 વર્ષથી નાસતા ફરતા આરોપીને ઝડપી લીધો હતો. એસપી ડૉ.લીના પાટીલે જીલ્લાના તમામ પોલીસ મથકોમાં નોંધાયેલ ગુનાઓ હેઠળ નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા સુચના આપવામાં આવી હતી. ભરૂચ જીલ્લા એલસીબીની ટીમે ઉમલ્લા પોલીસ મથકમાં નોંધાયેલ ગુના હેઠળ 3 વર્ષથી ફરાર આરોપીને રાજપારડી ચાર રસ્તા નજીકથી ઝડપી લીધો હતો. ડભાલ ગામના ચેતન જયંતી વસાવા 2019 ના વર્ષમાં સાગર પટેલ નામના ઇસમનું અપહરણ કરીને પૈસાની માંગણી કરવાના ગુનામાં સંડોવાયેલ હતો. આ ગુના અંતર્ગત કુલ ચાર આરોપીઓ પૈકી અગાઉ ત્રણ આરોપી ઝડપાઇ ગયેલ હતાં જ્યારે ચેતનછેલ્લા ત્રણ વર્ષથી ફરાર હતો. ઝડપાયેલા આરોપીને તપાસ માટે ઉમલ્લા પોલીસના હવાલે કરાયો છે.આરોપી અત્યાર સુધી ક્યાં છુપાયો હતો તેની તપાસ ચાલી રહી છે.

**DATE: 17/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચ એસઓજીની ટીમે ઓપરેશન પાર પાડ્યું : 3.17 લાખનો મુદ્દામાલ જપ્ત

# ડભોઈથી બાઈક પર 1.55 લાખનું ચરસ લાવતાં ઝાડેશ્વરના બે ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એસઓજીના પીઆઇ એ. એ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એ. વી. શિયાળિયા તેમજ તેમની ટીમ માદક પદાર્થોની હેરાફેરી-વેચાણ કરનારાઓની શોધમાં હતી. તે વેળાં ચોક્કસ બાતમી મળી હતી કે, વડોદરા-કરજણ તરફથી મોંઘીદાટ બાઈક પર બે શખ્સો જે પૈકીના એકે કાળારંગનું જેકેટ અને બ્લ્યુ જીન્સ જ્યારે બીજાએ પીળાકલરનું જેકેટ અને ટ્રેક પહેર્યું છે. તેઓ માદકપદાર્થ સાથે ઝાડેશ્વર ચોકડી તરફ આવી રહ્યાં હતાં. જેના પગલે તેમણે ટીમે વોચ ગોઠવી બન્નેને ઝડપી પાડી પુછપરછ કરતાં બન્ને ઝાડેશ્વર ગામમાં રહેતાં હોવાનું તેમજ તેમના નામ ભાવેશ ઉર્ફે કાલુ રમેશ વસાવા (રહે. વડવાળું ફળિયું) તેમજ ભૌમિક ઉર્ફે એલિયન પરેશ શાહ (રહે. અમીન ડેલો) હોવાનું માલુમ પડ્યું હતું. તેમને તપાસતાં તેમની પાસ ખાખી સેલોટેપમાં વિંટાળેલો ચરસનો જથ્થો મળી આવ્યો હતો. ટીમે તેમની પાસેથી કુલ 1.55 લાખથી વધુનો 1 કીલો 039ગ્રામ ચરસ, 1.50 લાખની બાઈક, બે મોબાઈલ તેમજ રોકડા મળી કુલ 3.17 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

એસઓજીની ટીમે તેમની બન્નેની પુછપરછ હાથ ધરતાં તેમણે જણાવ્યું હતું કે, તેમની પાસે સિતારામ ઉર્ફે રામદેવ નામના એક શખ્સનો મોબાઈલ નંબર આવ્યો હતો. જે ચરસ આપતો હોઇ તેનો સંપર્ક કરતાં તેણે તેમને ડભોઈથી 10 કિમી આગળ બામરોલી ગામ પાસે રોડ પર બોલાવી તેમને જથ્થો આપી જતો રહ્યો હતો. ટીમે તેમની સામે એનડીપીએસ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

### બન્નેનો હજી કોઇ ગુનાઇત ભુતકાળ મળ્યો નથી

એસઓજીની ટીમે ચરસ સાથે ઝડપી પાડેલાં બન્ને આરોપીઓનો હજી સુધી કોઇ ગુનાઇત ભુતકાળ સામે આવ્યો નથી. તેમને ચરસ આપનાર સિતારામ ઉર્ફે રામદેવની તપાસ ચાલી રહી છે. સાથે સાથે તેમની પાસેથી કોણ કોણ ચરસ લઇ જતું હતું તેમને પણ શોધવામાં આવશે. ઉપરાંત તેઓ કેટલાં સમયથી આ કારસાને અંજામ આપે છે તેની વિગતો મેળવવા તેમના રીમાન્ડની કવાયત હાથ ધરી છે. » ચિરાગ દેસાઈ, ડીવાયએસપી.

**DATE: 18/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

ભરૂચ પોલીસ એક્શનમાં : માફિયાઓ પ્લોટ- કંપનીઓ ભાડે રાખી ડ્રગ્સનું ઉત્પાદન કરે છેઃ અગાઉ પાનોલીમાંથી 1300 કરોડનું ડ્રગ્સ ઝડપાયું હતું

# ડ્રગ્સનું ઉત્પાદન રોકવા બંધ કંપનીઓનો સર્વે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ જિલ્લાની પાનોલી જીઆઇડીસીમાંથી ડ્રગ્સની ફેક્ટરી ઝડપાયાના 4 મહિના બાદ પોલીસે અંકલેશ્વર તથા પાનોલીમાં આવેલી બંધ ફેક્ટરીઓ તથા ખાલી પડેલા શેડનો ગુપ્તરાહે સર્વે શરૂ કર્યો હોવાની વિગતો બહાર આવી છે. ખાસ કરીને દૂરવર્તી વિસ્તારોમાં આવેલાં શેડ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.

ગુજરાતમાં એમડી ડ્રગ્સનો વેપલો વધી રહ્યો હોવાથી સરકાર અને પોલીસ સતર્ક બની ચુકી છે. ખાસ કરીને ભરૂચ અને વડોદરા જિલ્લામાંથી તો ડ્રગ્સનું ઉત્પાદન કરતી ફેક્ટરીઓ ઝડપાય ચુકી છે. ભરૂચ જિલ્લાના પાનોલીમાં આવેલી ઇન્ફિનીટી નામની કંપનીમાંથી ચાર મહિના પહેલાં 1,383 કરોડ રૂપિયાનો ડ્રગ્સનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો. હવે વડોદરામાંથી પણ ડ્રગ્સ બનાવવાની ફેક્ટરી ઝડપાતાં ભરૂચ પોલીસ સતર્ક બની છે. ખાસ કરીને અંકલેશ્વર અને પાનોલી જીઆઇડીસીમાં આવેલી બંધ ફેક્ટરીઓ તેમજ ખાલી પડેલા શેડનો ગુપ્ત રાહે સર્વે કરવામાં આવી રહ્યો છે. પંજાબની જેમ હવે ગુજરાતમાં પણ ડ્રગ્સનું સેવન કરવાનું ચલણ વધી રહ્યું હોવાથી વાલીઓમાં પણ ચિંતા જોવા મળી રહી છે. ભરૂચ જિલ્લામાં ડ્રગ્સનો કારોબાર રોકવા માટે પોલીસની ટીમો સતત દોડધામ કરી રહી છે. ડ્રગ્સ માફિયાઓને મોકળુ મેદાન ન મળી જાય તે માટે બંધ ફેક્ટરીઓ અને શેડ તથા પ્લોટ પર થાતી ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી રહી છે.

## અંકલેશ્વર અને પાનોલીમાં આવેલી 1,800 જેટલી કંપનીઓ તથા શેડ પર ચાર મહિનાથી પોલીસની ચાંપતી નજર

### મંદીના કારણે ઉદ્યોગો હાલ કફોડી સ્થિતિમાં છે

ભારતમાંથી આયાત કરવામાં આવતાં કેમિકલ પર ચીને 14 થી 82 ટકા જેટલી એન્ટી ડમ્પિંગ ડ્યુટી લગાવી દેતાં અંકલેશ્વર-પાનોલીના 70 ટકા ઉદ્યોગો બંધ હાલતમાં છે. આવા સંજોગોમાં ફેક્ટરીઓ કે શેડ ભાડે આપવાની પ્રવૃતિ વધી શકે તેમ હોવાથી કોઇ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ તકેદારીના પગલાં ભરી રહી છે. ઉદ્યોગો હાલ મંદીના દોરમાંથી પસાર થઇ રહ્યાં છે.



### ઉદ્યોગકારોની મદદથી વિગતો મેળવાય રહી છે

અંકલેશ્વર અને પાનોલી જીઆઇડીસીમાં આવેલાં પ્લોટ, શેડ અને ફેક્ટરી અંગે ઉદ્યોગકારો પાસેથી માહિતી મેળવવામાં આવી છે. આ ઉપરાંત જીઆઇડીસીમાં હવે મોટો પ્લોટ ખરીદી તેમાં ઇન્ડસ્ટ્રીયલ પાર્ક નાખવામાં આવી રહ્યાં હોવાથી તેના ઉપર પણ ધ્યાન કેન્દ્રીત કરાયું છે. આગામી દિવસોમાં ફેક્ટરીઓ અને શેડનો ડેટાબેઝ તૈયાર કરી આગામી રણનીતિ નક્કી કરવામાં આવશે.

### ડ્રગ્સમાં વપરાતાં કેમિકલ્સ પર બાજનજર

ભરૂચ જિલ્લામાંથી પાનોલી અને જંબુસરમાંથી ડ્રગ્સ બનાવવાની ફેક્ટરીઓ પકડાય ચુકી છે ત્યારે ડ્રગ્સ બનાવવા માટે ઉપયોગમાં લેવાતા કેમિકલ્સનું ઉત્પાદન અને વપરાશ કરતી કંપનીઓ પર નજર રાખવામાં આવી રહી છે.

### ચેકિંગ સહિતની કામગીરી ચાલી રહી છે

*અંકલેશ્વર- પાનોલી કેમિકલ ક્લસ્ટર હોવાથી વિશેષ તકેદારી રાખી રહ્યાં છે. કેમિકલની હેરફેરી તથા ઉપયોગ ઉપરાંત પ્લોટ કે ફેક્ટરીને ભાડે આપવા સહિતની પ્રવૃતિઓ પોલીસની નજરમાં છે.* ડો. લીના પાટીલ, એસપી, ભરૂચ

### અગાઉ લઠ્ઠાકાંડ સમયે ઘનિષ્ઠ ચેકિંગ થયું હતું

બોટાદમાં થોડા મહિનાઓ અગાઉ ઝેરી દારૂ પીવાના કારણે 35થી વધારે લોકોના મોત થયાં હતાં. આ ઘટના બાદ ભરૂચ જિલ્લામાં ઇથેનોલનું ઉત્પાદન અને વેચાણ કરતી 300 જેટલી કંપનીઓની તપાસ કરવામાં આવી હતી.

**DATE: 18/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### નેત્રંગના ગંભીરપુરા- ઝોકલા માર્ગ પરની ઘટના

# પોલીસે પીછો કરતાં દારૂ ભરેલી કાર પલટી ગઈ

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

ભરૂચ જિલ્લા નેત્રંગના ગંભીરપુરા -ઝોકલા માર્ગ પર પોલીસે પીછો કરતાં બુટલેગરની દારૂ ભરેલી કાર પલટી મારી ગઈ હતી.

ભરૂચ એલસીબીનો સ્ટાફ ઝઘડિયા તાલુકામાં પેટ્રોલીગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે વાલિયા તાલુકાના ઝોકલા ગામનો બુટલેગર સુરેશ વસાવા જેસપોર ગામથી મોટા માલપોર રસ્તે ગંભીરપુરા થઈ તેના ઘરે દારૂ લઈને કારમાં જઈ રહયો છે. પોલીસે ગંભીરપુરાથી ઝોકલા ગામના માર્ગ ઉપર વોચમાં હતા તે દરમિયાન બાતમી વાળી ગાડી



આવતા પોલીસે તેને અટકાવવા ઈશારો કરતા બુટલેગરે કાર હંકારી મૂકી હતી પોલીસે તેનો પીછો કરતા કાર ગંભીરપુરાથી ઝોકલા ગામના માર્ગ ઉપર પલટી ખાઈ ગઈ હતી જે કારમાંથી પોલીસને વિદેશી દારૂની 76 નંગ બોટલ મળી આવી હતી પોલીસે 7 હજારથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને બુટલેગર સુરેશ વસાવાને વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

**DATE: 18/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### ભરૂચના શખ્સ સાથે એક લાખની ઠગાઇ કરી હતી

# સાયબર ક્રાઈમની ટીમે આંધ્રપ્રદેશની ગેંગ ઝડપી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ એક શખ્સને એટીએમમાંથી નાણાં ઉપાડતી વેળાં મદદના બહાને તેમનું એટીએમ કાર્ડ બદલી લઈ ગઠિયાએ તેમના એકાઉન્ટમાંથી 30 હજારની રોકડ ઉપાડી લેવા સાથે કસક વિસ્તારની એક જ્વેલર્સની દુકાનમાંથી એટીએમ થકી 75 હજારની મત્તાના સોનાના સિક્કા ખરીદી કર્યાં હતાં. તેમના કાર્ડના આધારે કુલ 1.05 લાખની ઠગાઈ કરી હોવાને પગલે તેમણે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધવી હતી. દરમિયાનમાં ટીમે એટીએમના સીસીટીવી ફુટેજ સહિત હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી તેમને શોધવાની કવાયત હાથ ધરી હતી. અરસામાં જુનાગઢમાં ગઠિયાઓ ઝડપાયાં હોવાનું મલુમ પડતાં ટીમે બન્નેને ભરૂચ લાવી હતી. બન્ને આરોપીઓ આંધ્રપ્રદેશના વતની હોવાનું તેમજ તેમના નામ ક્રિષ્ણામુર્થી રેડ્ડેપ્પા નાગપ્પા સુનપુશેટી તથા મોહના વેન્કેટરમના ગૌડ હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસની પ્રાથમિક પુછપરછમાં આરોપીઓએ ભરૂચ સહિત આંધ્રપ્રદેશમાં 5, રાજકોટમાં 1, ગોંડલમાં 1, જુનાગઢમાં 1 તેમજ અમદાવાદ શહેરમાં 2 ગુનાને અંજામ આપ્યો હોવાની કબુલાત કરી હતી.

**DATE: 18/12/2022 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### કાપોદ્રાના પ્લોટ પર ચેકિંગમાં ભાંડો ફૂટયો

# અંકલેશ્વરમાં ડમી જીએસટી નંબર મેળવનાર સામે ફરિયાદ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ સ્પેશિયલ ઓપરેશન ગૃપને જીએસટી વિભાગે શંકાસ્પદ જીએસટી નંબરોને વેરીફાઇ કરવા માટે આપ્યાં હતાં. એસઓજીના પીએસઆઇ કે.બી.મીર તથા જીએસટી વિભાગના અધિકારીઓ અંકલેશ્વરના કાપોદ્રા ના પ્લોટ નંબર 58 નેશનલ હાઈવે નંબર 48 ગ્રાઉન્ડ ફ્લોર નવજીવન હોટલ બાજુમાં આવેલ પ્લોટ પર સર્ચ કરવા માટે પહોંચ્યા હતા.

જેમોબાઈલ નંબર આધારે જીએસટી નંબર હતો તે લગાવતા મોબાઈલ બંધ આવતો હતો. જેથી વધુ તપાસ કરવામાં આવતાં જે સ્થળ આધારે જીએસટી નંબર મેળવ્યો હતો ત્યાં કોઈપણ ધંધાકીય પ્રવૃતિ થતી ન હોવાનું સામે આવ્યું હતું અને આ પ્લોટ માલિક આસિફ ફકીર હોવાનું સામે આવ્યું હતું. તેણે પણ અન્ય પાસે થી ભાડા કરાર કરી લીધો હતો. જે પ્લોટ ના માલિક હાલ વિદેશમાં છે. બોગસ જીએસ.ટી. નંબર ધારક સામે તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

રાજ્યમાં જીએસટીની ચોરી ઝડપી પાડવા માટે અનેક સ્થળોએ દરોડા પાડવામાં આવી રહયાં છે. ભરૂચ પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગૃપને શંકાસ્પદ જીએસટી નંબરોની યાદી સોંપવામાં આવી છે. જેના આધારે પોલીસની ટીમો વિવિધ સ્થળોએ ચેકિંગ કરી રહી છે જેમાં અંકલેશ્વરમાં ડમી જીએસટી નંબર મેળવાયો હોવાનો કિસ્સો સામે આવ્યો છે. આગામી દિવસોમાં આવા અનેક કિસ્સાઓ પોલીસ તપાસમાં બહાર આવશે.